# જાહેરનામુ

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફીક/ જ૯૮ /૨૦૧૬**

**તા। ૯ /૧૦/૨૦૧૬**

હું, શિવાનંદ ઝા IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે આગામી તા.૧૨/૧૦/૨૦૧૬ ના રોજ મહોરમ તાજીયાના તહેવાર નિમિત્તે જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરુ છું।

**હુકમ :-**

આગામી તા।૧૨/૧૦/૨૦૧૬ ના રોજ મહોરમ તાજીયાના તહેવાર નિમિતે શહેરના જુદાજુદા વિસ્તારોમાંથી તાજીયા નિકળશે અને નજીકના વિસ્તારોમાં ફરી છેવટે વિસર્જન અર્થે ભેગા થશે। આ દિવસે બપોર કલાક ૧૪।૦૦ થી કલાક ૨૪।૦૦ સુધી નીચે મુજબના જાહેર માર્ગો ઉપર અવર જવરના સરળ ટ્રાફીક નિયમન માટે વાહન વ્યવહાર આવવા જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું।

૧) દિલ્હી ચકલાથી મીરઝાપુર તરફ તથા ઘીકાંટા તરફનો માર્ગ।
૨) રેવડી બજારથી રીલીફ રોડ તરફ વિજળીઘર સુધીનો માર્ગ।
૩) જમાલપુર દરવાજાથી ખમાસા ચાર રસ્તા સુધીનો માર્ગ।
૪) રાયખડથી ખમાસા ચાર રસ્તા સુધીનો માર્ગ।
૫) સારંગપુર સર્કલથી આસ્ટોડીયા દરવાજા અને ખમાસા સુધીનો માર્ગ।
૬) નહેરુબ્રીજ તરફથી રુપાલી સિનેમા તરફનો માર્ગ।
૭) કામા હોટલ સર્કલથી ખાનપુર દરવાજા સુધીનો માર્ગ।
૮) રખિયાલ ચાર રસ્તાથી સારંગપુર સર્કલ સુધીનો માર્ગ।
૯) વિકટોરીયા ગાર્ડન ચાર રસ્તાથી ઇટાલીયન બેકરી સુધીનો માર્ગ।
૧૦) ખારુનાળાથી ખાસબજાર તરફનો માર્ગ।
૧૧) રાયખડ ચાર રસ્તાથી મધર ટેરેસા સુધીનો માર્ગ।
૧૨) જસવંત શોપ ફેકટરી તરફથી રાજનગર માર્કેટ સુધીનો માર્ગ।
૧૩) જલારામ મંદીરના ખાંચા તરફથી રાજનગર માર્કેટ સુધીનો માર્ગ।
૧૪) મ્યુનિસિપલ કોઠાથી દાણાપીઠ ચાર રસ્તા સુધીનો માર્ગ।
૧૫) ખમાસા ચોકી તરફથી પારસી અગીયારી તરફનો માર્ગ।
૧૬) જીલ્લા પંચાયત તરફથી ભદ્ર તરફનો માર્ગ।
૧૭) વિજળીઘર ચાર રસ્તા તરફથી ભદ્ર તરફનો માર્ગ।
૧૮) રીલીફ ચાર રસ્તા તરફથી ખાસ બજાર તરફનો માર્ગ।
૧૯) પાનકોર નાકાથી ભદ્ર મંદીર તરફનો માર્ગ।
૨૦) સાબરમતિ નદીના પૂર્વ છેડે નહેરુબ્રીજ તથા એલીસબ્રીજની નીચે તાજીયા ઠંડા થવા માટે આવનાર હોય અને આ તહેવારમાં મોટી સંખ્યામાં લોકોની જનમેદની એકઠી થતી હોય જેથી નીચે જણાવેલ **(એ)** અને **(બી)** મુજબનો રિવરફ્રન્ટનો માર્ગ **"નો-વ્હીકલ ઝોન"** રહેશે.

**(એ)** પીકનીક હાઉસ રિવરફ્રન્ટ રોડ ટી થી સરદાર બ્રીજ તરફ જતો માર્ગ

**(બી)** સરદારબ્રીજ નીચેથી શાહીબાગ પીકનીક હાઉસ તરફ આવતો માર્ગ

**વૈકલ્પિક માર્ગ :**

(૧) ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર તરફથી આવતા વાહનો આશ્રમરોડ થઇ પાલડી ચાર રસ્તાથી જમાલપુર ઓવરબ્રીજ થઇ એસટી સુધી અવર જવર કરી શકાશે.

(૨) સાબરકાંઠા-હિમંતનગર તરફથી એસ.ટી. તરફ અવર જવર કરવા માટે નરોડા પાટીયા થી મેમ્કો-બાપુનગર થઇ અજીતમીલ થી હાટકેશ્વર સર્કલ થી ખોખરા સર્કલ-અનુપમ સર્કલ-ખોખરા બ્રીજ-કાંકરીયા-ભુલાભાઇ ચાર રસ્તાથી એસ.ટી. તરફ અવર જવર કરી શકાશે.

(3) કાલુપુર રેલ્વે સ્ટેશન તરફ આવ-જા કરવા માટે દિલ્હી દરવાજા, પ્રેમદરવાજા થઇ ચોખાબજાર થઇ કાલુપુર સ્ટેશન તરફ આવ-જા કરી શકાશે અને નરોડા તરફથી